This Question Booklet Contains 08 Printed Pages આ પ્રશ્નપત્રમાં કુલ 08 છાપેલા પાનાં છે.

પ્રશ્નપુસ્તિકા કોડ

**A**

પ્રશ્નપુસ્તિકા નંબર

# SSS-2025

**ઉમેદવારનો બેઠક નંબર**

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | | | |

| | | | |
|---|---|---|---|
| કુલ પ્રશ્નો | : 50 | Total Que. | : 50 |
| કુલ ગુણ | : 50 | Total Marks | : 50 |
| સમય | : 30 મિનિટ | Time | : 30 Minutes |

**તમને સૂચના આપવામાં ન આવે ત્યાં સુધી પ્રશ્નપુસ્તિકા ખોલવી નહી.**

**ખાસ સૂચના : 1 થી 50 પ્રશ્નો પુરેપૂરા છપાયેલા છે કે કેમ તેની પ્રથમ ખાતરી કરી લો. જો પ્રશ્નો પૂરા છપાયા ન હોય અથવા કોઈ પૃષ્ઠ ફાટેલું હોય કે કોઈ પૃષ્ઠ સામેલ ન હોય અથવા તો અન્ય કોઈ ક્ષતિ જણાય તો તરત જ ખંડ નિરીક્ષક પાસેથી પ્રશ્નપુસ્તિકા અચૂક બદલાવી લેવી.**

**(01)** આ પ્રશ્નપત્રમાં કુલ **50** પ્રશ્નો છે. પ્રત્યેક પ્રશ્નનો ઉત્તર **A, B, C** અને **D** પૈકી કોઈ એક છે. બધા જ પ્રશ્નોના ઉત્તર આપવા ફરજીયાત છે. આ સાથે અલગ આપેલ **OMR** ઉત્તરપત્રમાં જ ઉત્તર આપવાના છે.

**ઉદાહરણ તરીકે :**

**ભારતના રાષ્ટ્રપિતા તરીકે કોણ ઓળખાય છે?**

**A)** સરદાર પટેલ **B)** સુભાષચંદ્ર બોઝ
**C)** મહાત્મા ગાંધી **D)** વિનોબા ભાવે

**ઉત્તરપત્ર (OMR SHEET) માં.**

Ⓐ Ⓑ ● Ⓓ

ઉપર્યુક્ત ઉદાહરણનો જવાબ **"C"** છે. આથી **"C"** નું વર્તુળ ઘાટું **(encode)** કરેલ છે. સાચી અને ખોટી પદ્ધતિથી વર્તુળ ઘાટું કરવા બાબતની સૂચના **OMR** માં આપેલ છે જેની નોંધ લેવી.

**(02)** **1** થી **50** પ્રશ્નો પુરેપૂરા છપાયેલા છે કે કેમ તેની પ્રથમ ખાતરી કરી લો. જો પ્રશ્નો પૂરા છપાયા ન હોય અથવા કોઈ પૃષ્ઠ ફાટેલું હોય કે કોઈ પૃષ્ઠ સામેલ ન હોય અથવા તો અન્ય કોઈ ક્ષતિ જણાય તો તરત જ નિરીક્ષક પાસેથી પ્રશ્નપુસ્તિકા અચૂક બદલાવી લેવી.

ઉમેદવારને **OMR** ઉત્તરપત્ર મળ્યા બાદ જો તેઓ દ્વારા તેનો નાશ કરવામાં આવશે કે ગુમ કરવામાં આવશે તો તે ઉમેદવારને ગેરલાયક ઠરાવવામાં આવશે.

**(03)** પરીક્ષા શરૂ થયેથી ઉમેદવાર અધવચ્ચેથી પરીક્ષા ખંડ છોડી શકશે નહી.

**(04)** ઉમેદવારને મળેલ **OMR** ઉત્તરપત્ર અને પ્રશ્નપુસ્તિકાનો નંબર, બેઠક નંબરથી અલગ હોઈ શકે, **OMR** ઉત્તરપત્રમાં નિયત કરેલ જગ્યાએ પોતાનો બેઠક નંબર સ્વચ્છ અક્ષરે લખવાનો રહેશે અને બેઠક નંબર નીચે આપેલ વર્તુળ પણ ઘાટું **(encode)** કરવાનું રહેશે તેમજ મળેલ પ્રશ્નપુસ્તિકાનો નંબર તથા કોડ નિયત જગ્યાએ લખીને તેની નીચે આપેલ વર્તુળ પણ ઘાટું **(encode)** કરવાનું રહેશે તે મુજબ જ ઉમેદવારને ગુણ મળવાપાત્ર થશે. લખેલી વિગતો અને ઘાટું **(encode)** કરેલ વર્તુળની વિગતો યોગ્ય રીતે ભરાયેલ છે તેની ખાતરી કરી લેવી.

**(05)** પ્રત્યેક સાચા જવાબદીઠ **1** (એક) ગુણ મળવાપાત્ર થશે. ગુણાંકન પધ્ધતિમાં માઈનસ પધ્ધતિ રાખવામાં આવી નથી. જે મુજબ - પ્રત્યેક ખોટા જવાબ, ખાલી છોડેલ જવાબ, છેકછાક કરેલ હોય તેવા જવાબ તથા **OMR** માં જણાવ્યા પ્રમાણેની ખોટી પદ્ધતિથી કે એક કરતાં વધુ વિકલ્પ દર્શાવેલ જવાબના ગુણ આપવામાં આવશે નહીં.

**(06)** **OMR** ઉત્તરપત્રમાં નિશ્ચિત જગ્યા સિવાય ઉમેદવારે પોતાનો બેઠક ક્રમાંક લખવો નહીં તથા પોતાની ઓળખ છતી થાય તેવી નામ કે અન્ય કોઈ પણ પ્રકારની નિશાની દર્શાવવાની સખત મનાઈ છે. તેમ છતાં પણ કોઈ પણ નિશાની કે ઓળખ કર્યાનું માલૂમ પડશે તો તેને સંપૂર્ણ ગેરશિસ્ત ગણવામાં આવશે અને પરીક્ષા માટે ગેરલાયક ગણવામાં આવશે.

**(07)** ઉત્તરપત્ર **(OMR SHEET)** માં ઉમેદવાર તથા નિરીક્ષક બંનેની સહી ફરજિયાત છે. બંનેની સહી વિનાની **OMR SHEET** (ઉત્તરપત્ર) વાળા ઉમેદવાર ગેરલાયક ઠરશે.

**(08)** પરીક્ષા દરમ્યાન ઉમેદવાર પાસેથી કોઈ પણ સાહિત્ય, માર્ગદર્શિકા, કાપલી, અન્ય હસ્તલિખિત કે પ્રિન્ટેડ સાહિત્ય, મોબાઈલ ફોન, પેજર, કેલક્યુલેટર, બ્લુટુથ, સ્માર્ટ વોચ કે અન્ય વીજાણુ ઉપકરણો હોવાનું જણાશે તો ઉમેદવારને ગેરલાયક ગણવામાં આવશે.

**(09)** આ જવાબવહી કોમ્પ્યુટર દ્વારા તપાસાવાની હોવાથી તે વળે, ફાટે કે બગડે નહિ તેની ખાસ કાળજી રાખવી તથા જવાબવહીની ગડી વાળવી નહીં.

**(10)** પ્રશ્નપુસ્તિકામાં કોરી જગ્યામાં રફ કામ કરવું. તે માટે અલગ કાગળ આપવામાં આવશે નહીં. જવાબવહીમાં કંઈ પણ રફ વર્ક કરવું નહીં. પ્રશ્નપુસ્તિકામાં જવાબો લખવાની મનાઈ છે.

**(11)** પ્રશ્નપુસ્તિકામાં કોઈ પૃષ્ઠ ફાડવા કે જુદાં કરવાની મનાઈ છે.

**(12)** ચાલુ પરીક્ષા દરમ્યાન અંદરોઅંદર ગુસપુસ કરવી, અવાજ કરવો કે નિરીક્ષકની સૂચનાઓનું ઉલ્લંઘન કરવું કે અન્ય કોઈ ગેરરીતી કરવી તે ગેરશિસ્ત ગણાશે.

**(13)** ઉમેદવારે ભૂરી/કાળી બોલપોઈન્ટ પેનથી ઉત્તરો લખવાના છે. અન્ય શાહી કે પેન કે પેન્સિલ તથા સફેદ શાહીનો ઉપયોગ કરી શકાશે નહીં તથા સફેદ શાહી **(White Ink)**, બ્લેડ કે રબ્બરથી કે અન્ય કોઈ પણ રીતે પ્રશ્નના જવાબમાં કરેલા સુધારા માન્ય ગણાશે નહીં.

**પરીક્ષા આપનાર ઉમેદવારે ઉત્તરપત્ર (OMR SHEET) વર્ગનિરીક્ષકને પરત કર્યા બાદ જ વર્ગખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસુર થયેથી શિસ્તભંગના પગલાં ગણી પરીક્ષા માટે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે.**

001. NCPFCCE...નું પૂરું નામ એટલે....
(A) NATIONAL CURRICULAM AND PEDAGOGICAL FRAMEWORK FOR EARLY CHILDHOOD CARE AND EDUCATION
(B) NATIONAL CURRICULUM AND PEDAGOGICALLY FRAMEWORK FOR EARLY CHILDHOOD CARE AND EDUCATION
(C) NATIONAL CURRICULUM AND PEDAGOGICAL FRAMEWORK FOR EARLY CHILDHOOD CARE AND EDUCATION
(D) NATIONAL CURRICULUM AND PEDAGOGICAL FRAMWORK FOR EARLY CHILDHOOD CARE AND EDUCATION

002. NEP 2020માં NCPFCCE કેટલા વર્ષના બાળકો માટે તૈયાર કરવામાં આવશે?
(A) ચાર થી આઠ વર્ષના
(B) છ થી આઠ વર્ષના
(C) પાંચ થી આઠ વર્ષના
(D) ચાર થી દસ વર્ષના

003. વર્તમાન લોકસભા કેટલામી છે?
(A) 15 મી (B) 16 મી
(C) 17 મી (D) 18 મી

004. કયા ગ્રહને એકપણ ઉપગ્રહ નથી?
(A) ગુરુ (B) શનિ
(C) શુક્ર (D) બધાને ઉપગ્રહ છે

005. નવોદય વિદ્યાલયની શરૂઆત ક્યારથી થઈ ?
(A) 1984 (B) 1986
(C) 1988 (D) 1990

006. ભારતના શિક્ષણ મંત્રી ચેરમેન તરીકે કઈ સંસ્થામાં કાર્ય કરે છે?
(A) NVS (B) NCERT
(C) NCTE (D) CBSE

007. THE NATIONAL FOUNDATION FOR TEACHERS' WELFARE ની સ્થાપના ભારત સરકારે ક્યારથી કરેલ છે?
(A) 1962 (B) 1952
(C) 1972 (D) 1982

008. NVS ભારત દેશના કયા રાજ્યમાં અસ્તિત્વ ધરાવતી નથી?
(A) કેરલ (B) આન્ધ્રપ્રદેશ
(C) તમિલનાડુ (D) એકપણ નહિ

**009.** CBSE બોર્ડ કેટલી ભાષામાં અભ્યાસની તક પૂરી પાડે છે?

(A) 20
(B) 25
(C) 30
(D) 40

**010.** NIOS ની સ્થાપના ક્યારે થઈ?

(A) 1988
(B) 1990
(C) 1989
(D) 1991

**011.** RTE 2012 ના કયા નિયમ અનુસાર સ્થાનિક સત્તામંડળે બાળકોનું રેકર્ડ નિભાવવાનું હોય છે?

(A) નિયમ - 6
(B) નિયમ - 7(1)
(C) નિયમ - 8
(D) નિયમ - 8(1)

**012.** ખાસ તાલીમની જરૂરિયાત હોય તેવા બાળકોની ખાસ તાલીમનો સમયગાળો ઓછામાં ઓછો કેટલા મહિનાની મુદતનો રહેશે?

(A) એક માસ
(B) 45 દિવસ
(C) બે માસ
(D) ત્રણ માસ

**013.** RTE 2012 માં જણાવ્યા મુજબ સ્થાનિક સત્તા મંડળે બાળકોનું રેકર્ડ ક્યાં સુધી નિભાવવું જોઈશે?

(A) જન્મથી 14 વર્ષની ઉંમર સુધી
(B) જન્મથી 18 વર્ષની ઉંમર સુધી
(C) જન્મથી મૃત્યુ સુધી
(D) જન્મથી શાળામાં દાખલ થાય ત્યાં સુધી

**014.** ગુજરાત રાજ્યમાં ખાનગી શાળાઓના સ્ટાફની નોકરીની નમૂનારૂપ શરતો કઈ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ છે?

(A) અનુસૂચી - ઘ
(B) અનુસૂચી - ચ
(C) અનુસૂચી - છ
(D) અનુસૂચી - જ

**015.** સ્કૂલ બોર્ડની બેઠકમાં ગેરહાજર અધ્યક્ષની જગ્યાએ ઉપાધ્યક્ષે અધ્યક્ષ સ્થાન કયા નિયમ મુજબ લેવાનું હોય છે?

(A) 16
(B) 17
(C) 18
(D) 19

**016.** મુ.પ્રા.શિ.નિ. 1949 માં બાળકોની વસ્તી ગણતરી માટેનો નમુનો એટલે ......

(A) પરિશિષ્ટ - ક
(B) પરિશિષ્ટ - ઘ
(C) પરિશિષ્ટ - ગ
(D) પરિશિષ્ટ - ખ

**017.** ધો.1 થી 5 ના વિદ્યાર્થીઓના સંબંધમાં નજીકના વિસ્તારમાં ચાલીને જઈ શકાય તેવા કેટલા કિલોમીટરની અંદર શાળા સ્થાપવી જોઈશે ?

(A) 2 કિલોમીટર (B) એક કિલોમીટર
(C) ત્રણ કિલોમીટર (D) અડધો કિલોમીટર

**018.** મુ.પ્રા.શિ.નિ. 1949 નો કયો નિયમ માન્ય ખાનગી શાળાઓને ગ્રાન્ટ આપવાની જોગવાઈ કરવા બાબતનો છે?

(A) 33 (B) 35
(C) 34 (D) 36

**019.** RTE 2009 માં શાળા અને શિક્ષકોની જવાબદારીઓ કયા પ્રકરણમાં નિર્ધારિત કરેલ છે?

(A) પ્રકરણ - 3 (B) પ્રકરણ - 4
(C) પ્રકરણ - 5 (D) પ્રકરણ - 6

**020.** પરીક્ષા અને શિક્ષણ પૂરું કર્યા બદલનું પ્રમાણપત્ર RTE 2009 ના ધારાની કઈ કલમ અનુસાર મળે છે?

(A) કલમ - 30 (B) કલમ - 30(ક)
(C) કલમ - 30(1) (D) કલમ - 30(2)

**021.** ધો. 6 થી 8 માટે શૈક્ષણિક વર્ષદીઠ શિક્ષણના કેટલા કલાક નક્કી કરેલા છે?

(A) 800 કલાક (B) 1000 કલાક
(C) 1200 કલાક (D) 1400 કલાક

**022.** સ્થાનિક સત્તા મંડળના નિર્ણયથી નારાજ થયેલ વ્યક્તિ, બાળકના અધિકારના રક્ષણ માટેના રાજ્ય આયોગ અથવા નિયત કરેલ સત્તા મંડળને અપીલ કરવાની તક આપતી કલમ કઈ છે?

(A) 31 (B) 33(1)
(C) 32(4) (D) 32(3)

**023.** RTE 2009 ધારાની અમલવારી ક્યારથી થઈ ?

(A) 1-4-2009 (B) 1-4-2010
(C) 1-6-2011 (D) 11-4-2010

**024.** શિક્ષકના રાજીનામાં ઉપર વહીવટી અધિકારી યોગ્ય શેરો કરીને સંચાલકને ક્યાં અધિનિયમ અનુસાર મોકલી આપે છે?

(A) 40 (B) 40-ઘ
(C) 40-ગ (D) 40-ઘ(ક)

**025.** મુ.પ્રા.શિ.અધિ. 1947 માં પ્રોવિડન્ટ ફંડની કલમ.....

(A) 46(1) (B) 46-ક(1)
(C) 46(2) (D) 46

026. ADEPTS કાર્યક્રમ અંતર્ગત શિક્ષકોની કામગીરીનું મૂલ્યાંકન ચાર પરિમાણના આધારે થાય છે. નીચેનામાંથી અસંગત પરિમાણ કયું છે?
(A) જ્ઞાનાત્મક પરિમાણ
(B) ભૌતિક પરિમાણ
(C) સામાજિક પરિમાણ
(D) શારીરિક પરિમાણ

027. INSPIRE પ્રોગ્રામ અંતર્ગત SEATS નામની યોજના અમલમાં છે તે મુજબ ધોરણ 6 થી 10 ના વિદ્યાર્થીઓને કેટલા રૂપિયાનો એવોર્ડ આપવાની યોજના છે?
(A) ₹ 3000
(B) ₹ 4000
(C) ₹ 5000
(D) ₹ 6000

028. INSPIRE યોજનાનો મુખ્ય ઉદ્દેશ શું છે?
(A) અભ્યાસ અને સહઅભ્યાસિક પ્રવૃત્તિમાં વિદ્યાર્થીઓનો રસ વધે
(B) શાળા શિક્ષણ અને વિજ્ઞાન પરત્વે જાગૃતિ આવે
(C) શિક્ષકો અને વિદ્યાર્થીનું જોડાણ વધે
(D) ગણિત વિજ્ઞાન વિષય પ્રત્યે વિદ્યાર્થીઓ તથા શિક્ષકોની અભિરુચિ વધે

029. NMMS ની પરીક્ષા આપવા માટે એક જનરલ/OBC વિદ્યાર્થીએ ધો.7 માં કેટલા ટકાએ પાસ થવું જરૂરી છે?
(A) 50%
(B) 55%
(C) 60%
(D) ફક્ત પાસ થવું જરૂરી છે

030. NMMS ની પરીક્ષાની એક જનરલ/OBC/EWS વિદ્યાર્થીએ કેટલી ફી ભરવાની થાય?
(A) ₹ 50
(B) ₹ 60
(C) ₹ 70
(D) ₹ 80

031. 'નમો લક્ષ્મી યોજના' અંતર્ગત ધોરણ 9 થી 10 માં સળંગ અભ્યાસ કરી, ધો.10 પાસ કરનાર એક વિદ્યાર્થીનીને કુલ કેટલા રૂપિયા મળશે?
(A) ₹ 10000
(B) ₹ 20000
(C) ₹ 25000
(D) ₹ 15000

032. NTS ની પરીક્ષા કયા ધોરણના વિદ્યાર્થી આપી શકે છે?
(A) ધો 8
(B) ધો 9
(C) ધો 10
(D) બધાજ

033. 'નમો લક્ષ્મી' અને 'નમો સરસ્વતી' વિજ્ઞાન સાધના યોજનાઓનો આરંભ ક્યારે થયો?
(A) 9/3/2024
(B) 1/4/2024
(C) 14/6/2024
(D) 14/2/2024

034. નીચે પૈકી કઈ પરીક્ષાનું આયોજન અને સંચાલન રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા થતું નથી?
(A) NMMS
(B) NTS
(C) RIMC
(D) B P ED

035. P.T.C. નું તાજેતરમાં કયું નામ રાખવામાં આવ્યું?
(A) DIPLOMA IN PRIMARY EDUCATION
(B) DIPLOMA IN ELEMENTARY EDUCATION
(C) DIPLOMA IN PRIMARY TEACHERS CERTIFICATE
(D) DIPLOMA IN INTERMEDIATE EDUCATION

036. G - SHALA - એપ-કોના દ્વારા?
(A) GCERT (B) GET
(C) DIET (D) GIET

037. દેશનું નેશનલ ડિજિટલ આર્કીટેકચર ફ્રેમવર્ક એજ્યુકેશન આધારિત School Education Dashboard એટલે ________?
(A) VSK (B) GSK
(C) DSK (D) PSK

038. નીચે પૈકી કઈ ભાષાના પાઠ્યપુસ્તકો શાળા પાઠ્યપુસ્તક મંડળ દ્વારા છપાતા નથી?
(A) બંગાળી (B) મરાઠી
(C) તમિલ (D) ઉર્દુ

039. જે એક નિશાળ ખોલે છે તે એક જેલ બંધ કરે છે. આ વિધાન કોણે કહ્યું છે?
(A) વિક્ટર હ્યુગો (B) એરિક્સન
(C) સોરેન્સ (D) ફ્રાંસિસ પાવર્સ

040. વિદ્યા સમીક્ષા કેન્દ્ર પહેલા કયા નામે ઓળખાતું?
(A) CCC (B) GCC
(C) ECC (D) PGC

041. જ્ઞાનકુંજ પ્રોજેક્ટની શરૂઆત ક્યારે થઈ?
(A) 5 સપ્ટેમ્બર 2017
(B) 5 સપ્ટેમ્બર 2018
(C) 10 સપ્ટેમ્બર 2017
(D) 11 સપ્ટેમ્બર 2016

042. શિક્ષક વિદ્યાર્થીના વર્ગ વ્યવહારના ઘટકો નીચેનામાંથી કોણે દર્શાવ્યા છે?
(A) નેડ ફ્લેન્ડર્સ (B) હર્બટ સ્પેન્સર
(C) ડો. વેલ્ટન. (D) ફ્રોબેલ

043. NTSE ની પરીક્ષા કેટલા તબક્કામાં લેવામાં આવે છે?
(A) એક તબક્કામાં (B) બે તબક્કામાં
(C) ત્રણ તબક્કામાં (D) કોઈ તબક્કા હોતા નથી

**044.** આપણા ગુજરાતનો ગૌરવવંતો કાર્યક્રમ એટલે ...

(A) SSA
(B) વિદ્યાલક્ષ્મી બોન્ડ
(C) ADEPTS
(D) શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ

**045.** ગુજરાત સરકારે કયા વર્ષથી ''વિકલાંગ બાળક'' ના બદલે ''દિવ્યાંગ બાળક'' નામકરણ જાહેર કરેલ છે?

(A) 2011
(B) 2012
(C) 2014
(D) 2015

**046.** એક સરકારી પ્રાથમિક શિક્ષક તરીકે ફરજ સંદર્ભે કઈ વિગત સાચી નથી?

(A) સમૂહ જીવનનો વિકાસ કરવાની ફરજ
(B) ગામમાં ઉત્સવો, રમત ગમત અને કસરતો યોજવામાં મદદ કરવી
(C) વિદ્યાર્થીઓમાં કોમી એકતાની વૃધ્ધિ કરવા બાબતની ફરજ
(D) કોઈપણ રાજકીય અથવા સામાજિક સંસ્થામાં સક્રિય રસ લેવાની ફરજ

**047.** એક શિક્ષક શાળામાં આવતા ન હોય તેવા બાળકોની સમસ્યા કેવી રીતે ઉકેલશે?

(A) બાળકો સાથે સંપર્ક સાધવો
(B) બાળકો તથા માં-બાપ સાથે વ્યક્તિગત સંપર્ક સાધવો
(C) બાળકોને અનિયમિતતાની લેખિત જાણ કરવી
(D) બાળકોને ગંભીર પરિણામની માહિતી આપવી

**048.** શિક્ષણ વિભાગ અંતર્ગત વૈધાનિક ધોરણે રચાયેલ બોર્ડ કયું છે?

(A) ટેકનિકલ પરીક્ષા બોર્ડ
(B) રાજ્ય પરીક્ષા બોર્ડ
(C) માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
(D) ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ

**049.** ગુણવત્તાસભર પ્રાથમિક શિક્ષણના લક્ષ્યાંકને પ્રાપ્ત કરવા ''સર્વશિક્ષા અભિયાન'' નામની યોજના ક્યારથી અમલમાં છે?

(A) 2001 થી
(B) 2003 થી
(C) 2004 થી
(D) 2005 થી

**050.** મધ્યાહ્ન ભોજન યોજનામાં કેટલા દિવસ સુધી ફરજીયાત મધ્યાહ્ન ભોજન આપવાની જોગવાઈ છે?

(A) 180 દિવસ
(B) 240 દિવસ
(C) 220 દિવસ
(D) 200 દિવસ

## SPACE FOR ROUGH WORK / રફ કામ માટેની જગ્યા

**પરીક્ષા પૂરી થયા બાદ ઉત્તરપત્ર (OMR SHEET) વર્ગ નિરીક્ષકને પરત કર્યા બાદ જ વર્ગખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસૂર થયેથી તેને શિસ્તભંગનાં પગલાં ગણી પરીક્ષા માટે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે.**